EXHIBIT-

| **ધંધુકાના મહે. એડીશ્નલ ચીફ જ્યુડી. મેજી. સાહેબની કોર્ટમાં,** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૭/૦૪/૨૦૨૬ |
| ફોજદારી કેસ સંખ્યા | ૪૫૮/૨૦૨૫ |
| ગુનાની વિગત | |
| ગુનાની કલમ | એમ. વી. એક્ટની કલમ ૧૮૪, ૧૭૭, તથા બી. એન. એસ. ની કલમ ૧૨૫ (એ),(બી), ૨૮૧ |
| પ્ર.મા.અહેવાલ સંખ્યા | ૨૪૯/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | ધંધુકા પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ. સરકારી વકિલશ્રી ડી. આર. ભીલવાર. |
| આરોપી પક્ષ | (૧) પ્રકાશભાઈ મહેશભાઈ ડણીયા<br>રહે. કોટડા, તા. ધંધુકા, જી. અમદાવાદ. |
| રજુઆત | વિ. વકિલશ્રી એચ. ડી. શુક્લા |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૫/૦૫/૨૦૨૫ |
| પ્ર.મા.અહેવાલની તારીખ | ૨૪/૦૫/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૨૮/૦૭/૨૦૨૫ |
| તહોમતનામાંની તારીખ | ૧૫/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૩૧/૧૨/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૭/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૭/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ | – |

## :: આરોપીની વિગત ::

| આરોપી અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકતી તારીખ | તહોમત | શુ નિદોષ છોડયુ/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સ મયગાળો ફો.કા. સહિતાની ક.–૪૨૮ મુ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રકાશભાઈ મહેશભાઈ ડણીયા | ૨૪–૦૫–૨૦૨૫ | ૨૪–૦૫–૨૦૨૫ | ૧૫–૧૦–૨૦૨૫ | નિર્દોષ છોડ્યુ | – | – |

## ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

(અ) ફરીયાદપક્ષ

| અનુ. નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | તૌફિકહુસેન દાઉદભાઈ મોદનની જુબાની | ફરીયાદી પોતે |
| ફ.સ.૨ | મેરાજબેન વલીજીભાઈ મોદનની જુબાની | સાહેદ |

## ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

(અ) ફરીયાદ

| અનુક્રમ નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરિયાદ |
| ૨ | ૧૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૧ | મેડીકલ સર્ટીફિકેટ |

## // <u>ચુકાદો</u> //

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, ગઈ તા. ૦૫–૦૫–૨૦૨૫ ના રોજ સાંજના આશરે ક. ૧૯/૩૦ વાગ્યાના સુમારે મોજે કોટડા સરકારી વજન કાંટા સામે આ કામના ફરિયાદીના કાકા વલીજીભાઈ ઈસ્માઈલભાઈ મોદનનાઓ કોટડા ખાતે આવેલ સરકારી વજન કાંટામાં નોકરી કરે છે અને સાંજના સમયે ફરિયાદીના કાકા સરકારી વજન કાંટા બાજુથી સામેની બાજુ રોડ ક્રોસ કરતી વખતે આ મો.સા. નં. જી.જે. ૦૨ બી.એલ. ૨૨૦૭ ના ચાલક ડ્રાઈવર પ્રકાશભાઈ મહેશભાઈ ડણીયાનાઓ પોતાનું મો.સા. નં. જી.જે. ૦૨ બી.એલ. ૨૨૦૭ પુરઝડપે અને બેફિકરાઈથી તેમજ માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી ફરિયાદીના કાકા સાથે ટક્કર મારતાં ફરિયાદીના કાકા ત્યાં પડી ગયેલ અને તેમને માથાના ભાગે ગંભીર ઈજા તેમજ શરીરનો જમણી બાજુનો ભાગ પૅરેલાઈઝ કરી એમ. વી. એક્ટની કલમ ૧૮૪, ૧૭૭ તથા બી. એન. એસ. ની કલમ ૧૨૫(એ),(બી), ૨૮૧ મુજબનો ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ કરેલ છે. જે ગુન્હો પોલીસે નોંધી તપાસના અંતે અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

૨) આ કામે આરોપીઓને સમન્સની ધોરણસરની બજવણી થતા તેઓ અદાલત સમક્ષ હાજર થતા તેમને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૩૦ મુજબ વીના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે અને આંક:– ૫ થી તહોમતનામું ઘડી આરોપીની પ્લી આંક– ૬ થી રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપીએ પોતાની પ્લી દરમ્યાન ગુન્હો કબુલ ન હોય કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું

જણાવેલ છે. આ કામે બચાવ પક્ષે વિ.વ.શ્રી હાજર થયા છે.

૩) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચેની વિગતે પુરાવો રજુ કરેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી તૌફિકહુસેન દાઉદભાઈ મોદનની જુબાની | ૦૭ |
| ૨ | મેરાજબેન વલીજીભાઈ મોદનની જુબાની | ૦૯ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૦૮ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૦ |
| ૩ | મેડીકલ સર્ટીફિકેટ | ૧૧ |

૪) આ કામે રેકર્ડ ધ્યાને લેતાં કેસ જુનો હોય કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં તેમજ આ કામે ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી દ્વારા આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ મૌખિક રીતે જાહેર કરતા તેમજ ફરીયાદી પક્ષે મૌખિક વિનંતથી વધુ પુરાવો રજુ કરવા માંગતા નથી તે મતલબની રજુઆત કરતાં, ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરી પડેલ પુરાવો ધ્યાને લેતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૩૫૧ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો પડેલ ન હોઈ તેમજ આરોપીઓ આંક

– ૧૨ થી તેઓ વિશેષ નિવેદન આપવા માંગતા નથી તે મતલબની પુરશીશ રજુ કરેલ હોય, આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી.

**પ)** આ કેસના નિકાલ સારુ મારા મતે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૦૫–૦૫–૨૦૨૫ ના રોજ સાંજના આશરે ક. ૧૯/૩૦ વાગ્યાના સુમારે મોજે કોટડા સરકારી વજન કાંટા સામે આ કામના ફરિયાદીના કાકા વલીજીભાઈ ઈસ્માઈલભાઈ મોદનનાઓ કોટડા ખાતે આવેલ સરકારી વજન કાંટામાં નોકરી કરે છે અને સાંજના સમયે ફરિયાદીના કાકા સરકારી વજન કાંટા બાજુથી સામેની બાજુ રોડ ક્રોસ કરતી વખતે આ મો.સા. નં. જી.જે. ૦૨ બી.એલ. ૨૨૦૭ ના ચાલક ડ્રાઈવર પ્રકાશભાઈ મહેશભાઈ ડણીયાનાઓ પોતાનું મો.સા. નં. જી.જે. ૦૨ બી.એલ. ૨૨૦૭ પુરઝડપે અને બેફિકરાઈથી તેમજ માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી ફરિયાદીના કાકા સાથે ટક્કર મારતાં ફરિયાદીના કાકા ત્યાં પડી ગયેલ અને તેમને માથાના ભાગે ગંભીર ઈજા તેમજ શરીરનો જમણી બાજુનો ભાગ પેરેલાઈઝ કરી એમ. વી. એક્ટની કલમ ૧૮૪, ૧૭૭ તથા બી. એન. એસ. ની કલમ ૧૨૫(એ),(બી), ૨૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

૬) મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ અનુસાર

૭) મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**-: નિર્ણય માટેના કારણો :-**

**મુદ્દા નં.૧ અને ૨.**

૮) પુરાવા અધિનિયમ કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ ફરિયાદપક્ષના આરોપ મુજબનો ગુન્હો પુરવાર કરવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર હોય છે. ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયોના કારણોની ચર્ચા કરતી વખતે, આ કામે નોંધવામાં આવેલ ફરિયાદી તથા સાહેદની જુબાની તે રેકર્ડનો ભાગ હોઈ, તેઓની જુબાનીનો સારાંશ પ્રથમ નોંધીને પછી તેની ચર્ચા કરવાને બદલે, બિનજરૂરી પુનરાવર્તન ન થાય તે હેતુથી, મુદ્દા અનુસાર સંબંધિત જગ્યાએ ફરિયાદી તથા સાહેદની જુબાની ચર્ચાવામાં આવેલ છે. હાથ પરના રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં તેમજ કેસની હકિકત મુજબ સમગ્રરીતે ફરિયાદી તથા સાહેદના પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદપક્ષે આ કામે આંક-૦૭ થી ફરિયાદી તૌફિકહુશેન દાઉદભાઈ મોદનને સોંગદ પર તપાસતાં તેઓ તેમની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, બનાવ ગઈ તા. ૦૫/૦૫/૨૦૨૫ ના રોજ સાંજના આશરે સાતથી સાડા સાત વાગ્યાના સુમારે બનેલો. તે દિવસે તેઓ ઘરે હતા ત્યારે તેમને ટેલીફોનીક જાણ થયેલ કે તેઓના કાકા વલીજીભાઈ

ઈસ્માઈલભાઈ મોદનનાઓનું રાણપુર ચાર રસ્તા પાસે અકસ્માત થતાં આર.એમ.એસ. દવાખાને લઈ ગયેલ છે. જેથી તેઓએ દવાખાને જઈને જોયેલ કે, તેઓના કાકા ગંભીર હાલતમાં હોય તેમની પ્રાથમિક સારવાર કરાવી વધુ સારવાર માટે બીજા દવાખાને લઈ જવાનું કહેતા અમદાવાદ હોય ન્યુરોકેર હોસ્પીટલમાં લઈ ગયેલ. જ્યાં તેમની વધુ સારવાર કરાવેલ પરંતુ તેઓના કાકા હાલમાં પણ બેડરેસ્ટ અવસ્થામાં છે. તેઓએ બનાવની ફરિયાદ આપેલ. સદરહું બનાવમાં આરોપીને ઈજા થયેલ હોય સારવાર અર્થે આર. એમ. એસ. હોસ્પીટલમાં લાવેલ ત્યારે તેને જોયેલ હોય આરોપીને ઓળખી બતાવે છે. તેઓને એક અસલ ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહિ છે જે ઓળખી બતાવે છે. સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરિ ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરિયાદપક્ષને સર્મથન કરતી લેશમાત્ર હકિકત બહાર લાવી શકેલ નથી. સદર ફરિયાદીની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ એ હકિકત કબુલ રાખે છે કે, બનાવ કોના કસુરથી બનેલ તે તેઓ કહિ શકે નહિ તેમજ તેઓએ બનાવ નજરે જોયેલ ન હોય, બનાવની કોઈ જાત માહિતી નથી. વધુમાં તેઓની સરતપાસમાં આરોપી બેદરકારી પુર્વક ગફલતભરી રીતે તેની ગાડી હાંકતો હોય તેવી કોઈ હકિકત જણાવેલ ન હોવાની હકિકત કબુલ રાખે છે.

વધુમાં આ કામે ફરિયાદીની ફરિયાદ હકિકત એવી છે કે, ગઈ તા. ૦૫-૦૫-૨૦૨૫ ના રોજ સાંજના આશરે ક. ૧૯/૩૦ વાગ્યાના સુમારે મોજે કોટડા સરકારી વજન કાંટા સામે આ કામના ફરિયાદીના કાકા વલીજીભાઈ ઈસ્માઈલભાઈ મોદનનાઓ કોટડા ખાતે આવેલ સરકારી વજન કાંટામાં નોકરી કરે છે અને સાંજના સમયે ફરિયાદીના કાકા સરકારી વજન કાંટા બાજુથી સામેની બાજુ રોડ ક્રોસ

કરતી વખતે આ મો.સા. નં. જી.જે. ૦૨ બી.એલ. ૨૨૦૭ ના ચાલક ડ્રાઈવર પ્રકાશભાઈ મહેશભાઈ ડણીયાનાઓ પોતાનું મો.સા. નં. જી.જે. ૦૨ બી.એલ. ૨૨૦૭ પુરઝડપે અને બેફિકરાઈથી તેમજ માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી ફરિયાદીના કાકા સાથે ટક્કર મારતાં ફરિયાદીના કાકા ત્યાં પડી ગયેલ અને તેમને માથાના ભાગે ગંભીર ઈજા તેમજ શરીરનો જમણી બાજુનો ભાગ પેરેલાઈઝ કરેલ અને તેઓએ બનાવની ફરિયાદ આપેલાની હકિકત જણાવે છે.

૯) આ કામે આંક–૦૯ થી સાહેદ મેરાજબેન વલીજીભાઈ મોદનને સોંગદ પર તપાસતાં તેઓ તેમની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, બનાવ ગઈ તા. ૦૫/૦૫/૨૦૨૫ ના રોજ સાંજના સમયે તેઓ ઘરે હતા ત્યારે તેમને ટેલીફોનીક જાણ થયેલ કે તેઓના કાકા વલીજીભાઈ ઈસ્માઈલભાઈ મોદનનાઓને કોટડા ગામના સરકારી કાંટા પાસે અકસ્માત થતાં આર.એમ.એસ. દવાખાને લાવેલ છે. જેથી તેઓએ દવાખાને જઈને જોયેલ કે, તેઓના પતી બેભાન અવસ્થામાં હોય ફરજ પરના ડોક્ટરે તેઓને અમદાવાદ ખાતે રિફર કરેલ. જેથી તેઓના પતીને ન્યુરોકેર હોસ્પીટલમાં લઈ ગયેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓના પતીની સારવાર ઘરે ચાલુ છે અને હાલમાં પણ બેડરેસ્ટ અવસ્થામાં હોય ઉભા થઈ શક્તા નથી. બાઈક ચાલકને તેઓએ જોયેલ નથી કે તેને જોયે ઓળખતા નથી. પોલીસે તેઓનું નિવેદન લીધેલું. સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરિ ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરિયાદપક્ષને સર્મથન કરતી લેશમાત્ર હકિકત બહાર લાવી શકેલ નથી. સદર ફરિયાદીની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ એ હકિકત કબુલ રાખે છે કે, બનાવ નજરે જોયેલ ન

હોય, બનાવની કોઈ જાત માહિતી નથી.

૧૦) સદર કામે ફરિયાદ પક્ષ દ્વારા જે દસ્તાવેજી પુરાવા બચાવ પક્ષની સમંતિથી રજુ કરેલ છે. પરંતુ સદર કામે ફરિયાદ પક્ષે રજુ મૌખિક પુરાવા પરથી ફરિયાદ હકિકતને સમર્થન મળતુ ન હોય, સદર દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષના કેસની હકિકતને મદદરૂપ થઈ શકે તેમ નથી, તેથી સદર પુરાવાની વિશેષ ચર્ચા કરવી યોગ્ય જણાતી ન હોય વિશેષ ચર્ચા કરવામાં આવેલ નથી.

૧૧) ત્યારબાદ ફરિયાદ પક્ષે મૌખીક વિનંતીથી વધુ પુરાવો આપવો નથી તેવી રજુઆત કરવામાં આવેલ છે. સદર કામે તપાસવામાં આવેલ ફરિયાદી તથા સાહેદે ફરિયાદ પક્ષને સમર્થન આપતો પુરાવો રજુ કરેલ નથી તેમજ તે સંબંધે નામદાર સુપ્રિમ કોર્ટ *2013(0) GLHEL-Hon'ble Supreme Court of India , Veer Singh V/s State Of U.P.* ના પેરા નંબર – ૧૭ માં કરવામાં આવેલ અવલોકન માનસહ ધ્યાને લઈએ તો

––– *Legal system has laid emphasis on value, weight and quality of evidence rather than on quantity multiplicity or plurality of witnesses. It is not the number of witnesses but -quality of their evidence which is important as there is no requirement under the Law of Evidence that any particular number of witnesses is to be examined to prove/disprove a fact. Evidence must be weighed and not counted. It is quality and not quantity which determines the adequacy of evidence as has been provided under Section 134 of the Evidence Act. As a general rule the Court can and may act on the testimony of a single witness provided he is wholly reliable. (Vide: Vadivelu Thevar and Anr. V/s. State of Madras AIR 1957 SC 614; Kunju @ Balachandran V/s. State of Tamil Nadu AIR 2008 SC 1381; Bipin*

*Kumar Mondal V/s. State of West Bengal AIR 2010 SC 3638; Mahesh and Another V/s. State of Madhya Pradesh (2011) 9 SCC 626; Prithipal Singh and ors. V/s. State of Punjab and anr. (2012) 1 SCC 10; Kishan Chand V/s. State of Haryana JT 2013 (1) SC 222 and Gulam Sarbar V/s. State of Bihar (Now Jharkhand) - 2013 (12) SCALE 504). (Para-17)*

તથા નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટ દ્વારા *G.L.R.--2006(3), MOHAMMED SALIM IBRAHIM QURESHI AND ANR. Vs. STATE OF GUJARAT, Page-2385* ના કિસ્સામાં પેરા–૧૮.૧માં કરવામાં આવેલ અવલોકન માનસહ ધ્યાને લેવામાં આવે તો, *The law enshrined in Sec. 134 of the Evidence Act does not require any particular number of witnesses to prove a certain fact. Under Sec. 3, a fact will be presumed to have been proved when after considering the matter before it, the Court either believes it to exist or considers its existence to be so probable that a prudent man under the circumstances of a particular case believes that such fact existed. So in ordinary course of law, the facts to be proved, should be proved in a manner which on objective basis satisfies the Court as in case of an ordinary prudent man of the existence of fact. The underlying object of Sec. 134 is that it is not the number of witnesses nor the quantity of evidence adduced by the prosecution that counts, but it is the quality that counts. Further, the prosecution has always discretion to give up examination of witnesses to avoid duplication of evidence. A Public Prosecutor may give up witnesses to avert proliferation of evidence which could save much time of the Court unless examination of such a witness would achieve some material use. If examination of a witness would only have helped in duplication of the same category of evidence as the other eye-witnesses, the Public Prosecutor cannot be blamed for adopting the course of not examining him. (Para 18.1),*

જે ચુકાદા સંદર્ભે હાલની કાર્યવાહિ ધ્યાને લેવામાં આવે

તો, રેકર્ડ પર ફરિયાદ પક્ષે તપાસેલ ફરિયાદી તથા સાહેદ ફરિયાદ પક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી. તેમજ ફરિયાદ પક્ષે વધુ કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ત્યારે, ચાર્જશીટમાં જણાવેલ તમામ સાક્ષીઓ તપાસવામાં આવે તો પણ, કાર્યવાહિના અંતિમ પરિણામમાં કોઈ ફેરફાર થતો ન હોઈ, બિન–જરૂરી રીતે સાક્ષી તપાસી, અદાલતનો કિંમતી સમય બગાડવાનું યોગ્ય જણાતું ન હોઈ, અત્રેની કાર્યવાહિમાં અદાલતે ફરિયાદીની પુરાવા બંધ પુરસીસ આધારે વિશેષ સાક્ષીઓ તપાસવાનું ટાળેલ છે.

**૧૨)** આમ, ઉપરોક્ત વિગતે અને ચર્ચાના આધારે હાલના આરોપીએ જ પોતાનું વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી માનવ જીંદગી જોખમાઈ તે રીતે ચલાવેલાનું રેકર્ડ ઉપર આવેલ ન હોય જેથી આ કામના આરોપીએ જ પોતાનું વાહન બેદરકારી અને માનવ જીંદગી જોખમાઈ તે રીતે ચલાવેલ હતુ તે દર્શાવતો સીધો અને સ્પષ્ટ પુરાવો ફરિયાદ પક્ષ રેકર્ડ ઉપર લાવી સદર હકિકત નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય ત્યારે ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવા પરથી બનાવ હાલના આરોપીની બેદરકારી કે નિષ્કાળજીના કારણે અકસ્માત થયેલ હોય કે આક્ષેપ મુજબનો ગુન્હો કરેલ હોય તેવી હકિકત ફલીત થતી ન હોય જેથી સદર કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થઈ શકે તેમ ન હોય તેની વિશેષ ચર્ચા કરવી જરૂરી જણાતી નથી.

જેથી પણ ઉપરોક્ત હકિકતે ભારતીય પુરાવા ધારા ૧૮૭૨ પ્રમાણે પુરાવામાં સ્વીકાર્ય હોય તેવો કોઈ પુરાવો ફરિયાદ પક્ષે રજુ કરેલો જ નથી. જેથી કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, કોઈપણ ગુનાના તમામ આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષે છે

અને અદાલતે પોતે કોઈ આવશ્યક તત્વો અસ્તિત્વમાં હતું તેવું અનુમાન ઉભુ કરી શકે નહિ. આ કામે બનાવમાં આરોપીનું ડ્રાયવીંગ બેદરકારી અને ગફલતભર્યુ અથવા તો મનુષ્યની જીંદગી જોખમાય તે રીતનું હોવા બાબતેનો કોઈ પુરાવો રજુ કરી શકેલ નથી. આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતના સ્ટેટ ઓફ કર્ણાટક વિ. સતીષના કેસમાં જે.સી. (એસ.સી.) ૧૯૯૬ પાના નં. ૧૯૦૭ માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં પણ ફરિયાદ પક્ષ આરોપીનું ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ અને ગફલતભર્યું હોવાનું સાબિત કરવાનું રહે છે, જે બાબતે ફરિયાદ પક્ષ આ હકિકત સાબીત ન કરી શંકા ઉપસ્થિત કરેલ છે. જેથી તે શંકાનો લાભ આરોપી મેળવવા હક્કદાર હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે.

આમ, ફરિયાદ પક્ષ આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઈ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી. તેમજ આરોપી પક્ષે વિના તપાસે પંચનામું તથા મેડીકલ સર્ટીફિકેટ્સને આંક આપેલ છે. આથી રેકર્ડને આંક આપવા માત્રથી પુરવાર થતાં નથી. જેથી ઉપર મુજબ મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**– હુકમ –**

(૧) આરોપીને એમ. વી. એક્ટની કલમ ૧૮૪, ૧૭૭ તથા બી. એન. એસ. ની કલમ ૧૨૫ (એ),(બી), ૨૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૧ અન્વયે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૧ અન્વયે અપીલ સમય સુધીના રૂ. ૫,૦૦૦/– ના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ– ૧૭/૦૪/૨૦૨૬** **( યુનુસઅહમદ ઈકબાલહુસેન શેખ )**
**સ્થળઃ– ધંધુકા** **પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને**
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ.**
**Code No – GJ**00967

વી. ડી. જોગરાણા